# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **અંકિતા મકવાણા** વાંચે છે.

*****************************************************

1. વિશ્વ સિંહ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકાર અને નાગરિકોના સહિયારા પ્રયાસોને કારણે સિંહોની વસ્તીમાં સતત વધારો.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રમંડળ રમતોના ચંદ્રક વિજેતાઓ સાથે સંવાદ સાધીને ખેલો ઇન્ડિયાની ભાવનાને વધુ બળવત્તર બનાવવા પર ભાર મૂક્યો.
3. અલગ અલગ મુદ્દાઓના મામલે વિપક્ષો દ્વારા કરાયેલા હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત.
4. ઝારખંડમાં પરીક્ષા રદ કરવાની માંગણી સાથે વિદ્યાર્થીઓની વિધાનસભા તરફ કૂચ.
5. ચીનમાં વિનાશક ચક્રવાત ડોલ્ફિનને કારણે 10 લાખ લોકોના સ્થળાંતર બાદ લોકોને સાવચેત રહેવાની સૂચના.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM WORLD LION DAY ARTICLE

વિશ્વ સિંહ દિવસ નિમિત્તે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતમાં એશિયાઈ સિંહોની વસ્તી વધી રહી છે, તેમનો રહેઠાણ અને વિસ્તાર વિસ્તરી રહ્યો છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા લખાયેલ એક લેખ શેર કરતા, શ્રી મોદીએ ભાર મૂક્યો કે મજબૂત સમુદાયિક ભાગીદારી દ્વારા સમર્થિત સંરક્ષણ પ્રત્યે સરકારની અતૂટ પ્રતિબદ્ધતા, દેશના વન્યજીવનનું રક્ષણ કરવા અને ભાવી પેઢીઓ માટે પ્રજાતિઓનું સંરક્ષણ કરવાનું પ્રેરણાદાયક ઉદાહરણ છે.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા લખાયેલ આ લેખ નિર્દેશ કરે છે કે, સિંહોની શ્રેણી 2020માં લગભગ 30 હજાર ચોરસ કિલોમીટરથી વિસ્તરીને લગભગ 35 હજાર ચોરસ કિલોમીટર થઈ ગઈ છે, જે 11 જિલ્લાઓને આવરી લે છે. ભારતમાં 2015માં 523 સિંહોની સફળ સંરક્ષણ યાત્રાને 2025માં 891 સુધી પહોંચી છે.

# BHUPENDER - LION DAY

આજે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, એશિયાઈ સિંહોના સંરક્ષણમાં ભારતની સફળતા એ સરકારની વન્યજીવન અને જૈવવિવિધતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે મહત્વપૂર્ણ રહેઠાણોના રક્ષણથી લઈને સંરક્ષણ પ્રયાસોને મજબૂત બનાવવા સુધી દેશે દર્શાવ્યું છે કે, વિકાસ અને પ્રકૃતિ સંરક્ષણ સાથે મળીને આગળ વધી શકે છે. શ્રી યાદવે ભાર મૂક્યો કે દેશમાં એશિયાઈ સિંહોની વસ્તી 2015માં 523 થી વધીને 2025માં 890 થઈ ગઈ છે. તેમણે ભાર મૂક્યો કે આ વૃદ્ધિ વન અધિકારીઓ, સંરક્ષણવાદીઓ, સ્થાનિક સમુદાયો અને આ ભવ્ય પ્રજાતિના રક્ષણ માટે અથાગ મહેનત કરનારા તમામ લોકોના સમર્પણને આભારી છે.

મંત્રીએ દરેકને કુદરતી વારસાનું રક્ષણ કરવાના સંકલ્પને ફરીથી મજબૂત કરવા અને એશિયાઈ સિંહની ગર્જના આવનારી પેઢીઓ સુધી ગુંજતી રહે તે સુનિશ્ચિત કરવા વિનંતી કરી.

# PM-CWG INTERACTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓ સાથે મુલાકાત કરી હતી.

આ સંવાદ દરમિયાન મેડલ વિજેતાઓએ પ્રધાનમંત્રી સાથે રમતોના તેમના અનુભવો વર્ણવ્યા હતા અને ખેલાડીઓને 'ખેલો ઈન્ડિયા'ની પ્રતિષ્ઠા વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## BYTE: PM-MODI-ON-MEDAL-INSPIRE

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રતિષ્ઠા માત્ર રિબન કાપવાથી નથી મળતી, પરંતુ મહત્વાકાંક્ષી ખેલાડીની ભાવના સાથે જોડાઈને પ્રાપ્ત થાય છે. વેઈટલિફ્ટર સાઈખોમ મીરાબાઈ ચાનુ સાથે વાતચીત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, તેમની આ જીત ભાવિ પેઢીઓ માટે પ્રેરણા છે.

## BYTE: PM-ON-VICTORY

આ પ્રસંગે યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયા તથા યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી રક્ષા નિખિલી ખડસે ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાયેલી રમતોમાં ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું હતું. તેમજ ભારતીય ખેલાડીઓએ વિવિધ રમતોમાં 13 સુવર્ણ, 17 રજત અને નવ કાંસ્ય સહિત કુલ 39 મેડલ જીત્યા હતા.

# PAIRLAMENT ADJOURNED

NEET મુદ્દા પર વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન કથિત પોલીસ કાર્યવાહી સહિત અનેક મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા હતા. લોકસભામાં, જ્યારે ગૃહ સવારે 11 વાગ્યે શરૂ થયું, ત્યારે પ્રિસાઇડિંગ ઓફિસર એન કે પ્રેમચંદ્રને પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષના સભ્યો વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન કથિત પોલીસ કાર્યવાહી અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસેથી નિવેદનની માંગ કરી રહ્યા હતા.

રાજ્યસભામાં, મંત્રીઓએ તેમના સંબંધિત મંત્રાલયના કાગળો ગૃહના ટેબલ પર મૂક્યા. ત્યારબાદ અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને શૂન્યકાળ શરૂ કર્યો પરંતુ સતત સૂત્રોચ્ચારને કારણે, અધ્યક્ષે ગૃહની કાર્યવાહીને સ્થગિત કરવી પડી હતી.

# JHARKHAND STUDENT PROTEST

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓને લઈને વિદ્યાર્થીઓએ જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમથી ઝારખંડ વિધાનસભા તરફ કૂચ શરૂ કરી છે. ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (JPSC) અને ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (JSSC) રિફોર્મર્સ મંચ દ્વારા સંચાલિત વિદ્યાર્થી આંદોલન આજે 17મા દિવસમાં પ્રવેશ્યું છે. પ્રદર્શનકારીઓ JSSC-CGL, રદ કરવાની અને કથિત ગેરરીતિઓની CBI તપાસની માંગ કરી રહ્યા છે.

દરમિયાન સરકારે દાવો કર્યો છે કે, તેમની 98 ટકા માંગણીઓ સ્વીકારવામાં આવી છે. દરમિયાન, મુખ્યમંત્રી હેમંત સોરેનના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શન કરતી વખતે વિપક્ષના નેતા બાબુલાલ મરાંડી અને પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહુ સહિત ભાજપના નેતાઓની અટકાયત કરવામાં આવી હતી.

# BJP- HAR GHAR TIRANGA

નાગાલેન્ડમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવાના રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે કોહિમામાં 'હર ઘર તિરંગા' ટુ-વ્હીલર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગાલેન્ડના ઉચ્ચ શિક્ષણ અને પ્રવાસન મંત્રી તેમજેન ઈમના અલોંગે કોહિમા ખાતેથી રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

અગાઉ સભાને સંબોધતા મંત્રીએ નાગરિકોને અને ખાસ કરીને યુવાનોને ગર્વ અને સન્માન સાથે રાષ્ટ્રધ્વજ લહેરાવવા કે સાથે રાખવા અનુરોધ કર્યો હતો, ઉલ્લેખનીય છે કે, રાજ્ય 80મા સ્વતંત્રતા દિવસની રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં સહભાગી થઈ રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CNS- MAURITIUS VISIT

નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણા સ્વામીનાથન આજથી મોરેશિયસની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે છે. સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી કે, આ મુલાકાત દ્વિપક્ષીય દરિયાઈ સહયોગને મજબૂત બનાવવા અને મોરેશિયસ સાથે સંરક્ષણ સંબંધોને ગાઢ બનાવવા માટે ભારતના સતત પ્રયાસોનો એક ભાગ છે.

આ મુલાકાત દરમિયાન, તેઓ મોરેશિયસ સરકારના વરિષ્ઠ નેતૃત્વ સાથે વાતચીત કરશે અને દરિયાઈ સુરક્ષા, સંરક્ષણ સહયોગ, ક્ષમતા નિર્માણ અને લશ્કરી સહયોગ જેવા પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

# CHINA-TYPHOON DOLPHIN

વિનાશક ચક્રવાત ડોલ્ફિન ત્રાટકતા ચીનના અધિકારીઓએ પૂર્વ ચીન, શાંઘાઈ સહિત 10 લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે, વાવાઝોડાને કારણે ભારે વરસાદ પડ્યો અને સમગ્ર પ્રદેશમાં પરિવહન ખોરવાઈ ગયું. આજે શાંઘાઈમાં લગભગ એક હજાર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. અધિકારીઓએ ડોલ્ફિનને ઉષ્ણકટિબંધીય તોફાન તરીકે ડાઉનગ્રેડ કર્યું છે. ચીને અગાઉ ડોલ્ફિન માટે ઉચ્ચતમ સ્તરનું રેડ એલર્ટ જારી કર્યું હતું, જે આ વર્ષે દેશમાં ત્રાટકેલું સૌથી મજબૂત વાવાઝોડું છે.

ગઈકાલે ઝેજિયાંગ પ્રાંતમાં યુહુઆન પર ડોલ્ફિન ત્રાટક્યું ત્યારે તેની મહત્તમ પવનની ગતિ 150 કિલોમીટર પ્રતિ કલાક હતી. ચીનના તંત્રએ લોકોને બહાર ન નિકળવા અને સાવચેત રહેવાની સલાહ આપી છે.

# GEM GROWTH - GOYAL

છેલ્લા દાયકામાં સરકારી ઈ-માર્કેટપ્લેસનું કુલ વેપાર મૂલ્ય 422 કરોડ રૂપિયાથી વધીને એક લાખ 55 હજાર કરોડ રૂપિયાથી વધુ થયું છે. આ માહિતી કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આપી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે, પોર્ટલ પર 12 લાખથી વધુ સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો (MSEs) નોંધાયેલા છે, જેમાં બે લાખથી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે અને 42 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે. તેમણે ઉમેર્યું હતું કે આ આંકડા સાબિત કરે છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકારની વાસ્તવિક પ્રતિબદ્ધતાએ પાયાના સ્તરે સશક્તિકરણ છે.

મંત્રીએ ભાર મૂક્યો હતો કે પ્લેટફોર્મે છેલ્લા 10 વર્ષમાં સ્પર્ધામાં વધારો કર્યો છે, કિંમત શોધમાં સુધારો કર્યો છે, ખરીદી ચક્રનો સમય ઘટાડ્યો છે અને સરકાર માટે નોંધપાત્ર બચત કરી છે. તેમણે કહ્યું કે GeM એ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ખરીદી દ્વારા જવાબદારીને પણ મજબૂત બનાવી છે.

શ્રી ગોયલે વધુમાં જણાવ્યું હતું કે, પ્લેટફોર્મે વોકલ ફોર લોકલ અને મેક ઇન ઇન્ડિયાના વિઝનને સમર્થન આપતાં, MSEs, સ્ટાર્ટઅપ્સ, મહિલા ઉદ્યોગસાહસિકો અને અન્ય લોકો માટે સરકારી બજારોને વધુ સુલભ બનાવ્યા છે. તેમણે ઉમેર્યું કે GeM આત્મનિર્ભરતાના મુખ્ય પ્રેરક તરીકે ઉભરી રહ્યું છે જે વિકસિત ભારતનો પાયો પણ મજબૂત બનાવી રહ્યું છે.

# TEXTILES HANDLOOM CONCLAVE

કાપડ મંત્રાલયના સચિવ નીલમ શમી રાવે આજે જણાવ્યું કે, ભારતીય વણકરો અને ડિઝાઇનરોએ તેમની આવક વધારવા માટે બદલાતા બજારને પકડવાનો પ્રયાસ કરવો જોઈએ. સચિવે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય હેન્ડલૂમ ડિઝાઇનર્સ કોન્ક્લેવના ઉદ્ઘાટન સત્રને સંબોધતા આ વાત કહી હતી.

તેમણે ઉમેર્યું હતું કે ડિઝાઇન હેન્ડલૂમ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ભાર મૂક્યો હતો કે, વણકરો ઉત્પાદનોની ડિઝાઇનમાં સુધારો કરીને તેમના ઉત્પાદનોનું વેચાણ વધારી શકે છે. સચિવે આ ક્ષેત્રમાં તેમના કાર્ય શ્રેષ્ઠતા માટે દેશભરના વણકરો અને ડિઝાઇનરોની પ્રશંસા કરી.

કોન્ક્લેવે વણકરો માટે તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરવા અને બજારમાં પ્રવેશ મેળવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. આ પ્રસંગે કાપડ સચિવે રાષ્ટ્રીય હેન્ડલૂમ ડિઝાઇન સ્પર્ધાના વિજેતાને સન્માનિત કર્યા.